## છેલ્લા બે દિવસથી આકાશમાં ઘટાટોપ વાદળો છવાયેલા છે : ધોધમાર વરસાદની રાહ જોતા શહેરીજનો

(તસવીર : દિપક જાની)

# હજુ વરસાદ મન મૂકીને વરસતો નથી

ગાંધીનગર, તા.૩૧

દિવસો બાદ શહેરમાં સંપૂર્ણ વરસાદી વાદળો છવાતા શહેરીજનો આનંદિત બની ગયા છે. ઘનઘોર વાદળો ઘેરાયા હોવા છતાં હજુ ધોધમાર વરસાદ વરસતો નથી. આજે આખા દિવસ દરમિયાન માત્ર છ મી.મી. વરસાદ પડયો હતો.

આ વર્ષે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં નહીવત વરસાદ પડયો છે. છેલ્લા ત્રણ ચાર વર્ષથી સારા ચોમાસા જોઈ ચુકેલા શહેરીજનો આ વર્ષે વરસાદ ન પડતાં ગરમીથી અકળાઈ રહ્યા છે. વરસાદ ન વરસતા કૃષિકારો પણ ચિંતામાં છે.

જુન અને જુલાઈ માસ કોરોધાકોર પસાર થયા બાદ હવે છેલ્લી આશા ઓગષ્ટ માસ પર ટકેલી છે. ઓગષ્ટ માસ શરૂ થાય તે પહેલાં જ આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા વરસાદની આશા પુનઃ બંધાઈ છે. ગઈકાલથી શહેરના આકાશ પર ઘટાટોપ વાદળો ઘેરાયેલા છે. આકાશમાં વાદળો ઘેરાયા બાદ ગઈકાલ રાતથી એકદમ ધીમી ધારે વરસાદ પડી રહ્યો છે. આજે સવારે વરસાદની ગતિ થોડીક વધી હતી પરંતુ ધોધમાર વરસાદ આખા દિવસ દરમિયાન પડયો ન હતો. ધીમી ધારના વરસાદથી શહેરમાં ઠેર ઠેર કાદવ કિચડ ફેલાયા છે. વરસાદી વાતાવરણના પગલે ગરમીમાં ખાસ્સો ઘટાડો થયો છે. આજે મહત્તમ તાપમાન ૨૭.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી રહ્યું હતું.

આકાશમાં જે પ્રકારે વાદળો છવાયેલા છે તે જોતાં આગામી ત્રણ ચાર દિવસમાં સારો વરસાદ પડવાની સંભાવના છે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે ગ્રહયોગો જોતા અને હાલનું વાતાવરણ જોતા આગામી ૮મી ઓગષ્ટ સુધી સમગ્ર ગુજરાતમાં સારો વરસાદ થવાના સંજોગો છે. જો ત્રણ-ચાર દિવસ સુધી સતત સારો વરસાદ પડે તો અછતની સ્થિતિ હળવી થવાની સંભાવના છે.

# પગારધોરણ સહિત આર્થિક લાભો આપવા છાત્રાલય કર્મચારીઓની માગ

## ઘ-૧ થી ઘ-૩ રેલી યોજી પ્રશ્નોના ઉકેલ માટે સરકારને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા.૩૧

રાજયના ૨૧૧૬ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના ૬ હજાર જેટલા કર્મચારીઓને પગાર નોકરીનું રક્ષણ સહિત મળવાપાત્ર આર્થિક લાભ આપવાના મામલે અન્યાય થતો હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. રાજયના વિવિધ જિલ્લાઓમાંથી આજે ગાંધીનગર પહોંચેલા આ કર્મચારીઓએ ઘ-૧ થી ઘ-૩ સુધી રેલી યોજીને ન્યાય આપવા પ્રબળ માંગ કરી હતી. આ તબક્કે ઘ-૩ સ્થિત સત્યાગ્રહ છાવણીના મેદાનમાં રેલી સભામાં ફેરવાયા બાદ કર્મચારીઓના પ્રાણ પ્રશ્નો ઉકેલવા સૂત્રોચ્ચાર કરાયા હતા. છાત્રાલય કર્મચારી મહામંડળ દ્વારા આ મામલે સરકારને આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું.

(તસવીર : દિપક જાની)

ગુજરાત રાજય પછાત વર્ગ છાત્રાલય કર્મચારી મહામંડળના પ્રમુખ રમેશભાઈ નાયી તેમજ મહામંત્રી બચુભાઈ વસાવાની આગેવાની હેઠળ વિવિધ જિલ્લામાંથી આવેલા ત્રણ હજારથી વધુ કર્મચારીઓએ આજે તેમના પ્રાણ પ્રશ્નોના ઉકેલ માટે ઘ-૧ થી રેલી નિકાળી હતી. રેલીના અંતે ઘ-૩ ખાતે કર્મચારીઓની જાહેરસભા પણ યોજવામાં આવી હતી. આ તબક્કે મહામંડળના પ્રમુખ રમેશભાઈ નાયીએ જણાવ્યું હતું કે રાજયના ૨૧૧૬ જેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા છાત્રોના સામાજિક જીવનને ઉત્કૃષ્ટ બનાવી સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણની ઉમદા ફરજ નિભાવવા કર્મચારીઓને ઉચ્ચક વેતન ચૂકવાય છે. આ કામગીરી બજાવતા ગૃહપતિ, રસોઈયા અને ચોકીદાર સહિતના કર્મચારીઓને વર્ષોથી ઉચ્ચક વેતન જ ચૂકવાય છે. તે સિવાયના અન્ય કોઈ આર્થિક લાભો આપવામાં આવતા નથી. આ મામલે કર્મચારીઓને અન્યની જેમ પગાર ધોરણ અને લાભો આપવા વારંવાર રજૂઆત કરવા છતા માંગણીઓનો કોઈ સુખદ ઉકેલ આવ્યો નથી. નોકરી રક્ષણ સહિત પગાર વધારાનો લાભ આપવા પણ રજૂઆતમાં જણાવાયું છે.

# કોંગી નિરીક્ષકોએ મોડી રાત સુધી રજુઆતો સાંભળી

## નિરીક્ષકોને ૨૨થી પણ વધુ ઉમેદવારોની રજુઆતો સાંભળી હોવાના અહેવાલો છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો માટે ઉમેદવારોની રજુઆત સાંભળવા આવેલા પ્રદેશ નીરીક્ષકોએ મોડી રાત સુધી રજુઆતો સાંભળી હતી.

આજે રજુઆતોનો દોર સાંભળવાની શરૂઆત કરતાં પૂર્વે નિરીક્ષકોએ જિલ્લા કોર કમિટીના આગેવાનો સહિતના આગેવાનો સાથે બે કલાક કરતાં પણ વધુ સમય સુધી બેઠક કરી ઉમેદવારની પસંદગી સર્વ સંમત અને સક્ષમ ઉમેદવાર જ થાય તે માટે મન જાણવાનો પ્રયાસ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ આ મેરેથોન બેઠકમાં પ્રદેશ નિરીક્ષકો શ્રીમતિ ચંદ્રિકાબેન ચુડાસમા અને શ્રી કિશન પટેલ ઉપરાંત સાંસદ શ્રી જગદીશ ઠાકોર, પૂર્વ સાંદ શ્રી જીવાભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીમતિ મંગીબેન પટેલ, ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ મહામંત્રીઓ શ્રી જશુભા રાણા, શ્રી નીશીત વ્યાસ, પંચાયતના સદસ્યો શ્રીમતિ હીનાબેન પટેલ, શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા સંગઠ્ઠનના પ્રમુખ શ્રી સી. જે. ચાવડા, તાલુકા પ્રમુખો તેમજ તાલુકા પંચાયતના આગેવાનો અને સહકારી આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નીરીક્ષકો આ બેઠક સંપન્ન કરી કલોલ, માણસા અને દહેગામ તાલુકામાં જઈ રજૂઆતો સાંભળી ગાંધીનગર પરત ફર્યા હતા. આ પછી ગાંધીનગર શહેર સંગઠ્ઠનની કોર કમિટીની પણ ટુંકી બેઠક યોજી હતી અને રાત્રે ૮.૩૦ પછી નવી રચાયેલ ગાંધીનગર (દ) અને ગાંધીનગર (ઉ)ની બેઠક અંગેની રજુઆતો સાંભળવાની કામગીરી શરૂ કરી હતી. જે મોડી રાત સુધી ચાલી હતી.

છાત્રાલય કર્મચારીઓની રેલી - ગાંધીનગરમાં ચૂંટણી પૂર્વે સભા-સરઘસોનો મહિમા વધ્યો છે. આચારસંહિતા અમલી બને તે પહેલા કર્મચારી મંડળો પોત-પોતાના પડતર પ્રશ્નો સરકાર પાસે ઉકેલાવા આંદોલનના માર્ગે ઘપી રહ્યા છે. મંગળવારે ગાંધીનગરમાં રાજ્યભરના છાત્રાલયના કર્મચારીઓ આર્થિક અન્યાય સામે રેલી યોજી સરકાર સમક્ષ પડતર પ્રશ્નો ઉકેલવા ઉગ્ર રજૂઆત કરી હતી.
(તસવીર : દિપક જાની)


## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન

**સ્વ. વલાજી પપાજી વણઝારા**
સ્વ. તા. ૧/૮/૨૦૦૮, તલોદ

જીવન વિતાવ્યું સંઘરમાં પણ મુખથી સદા હસતા રહ્યા,
સર્જન કરી શૂન્યમાંથી, મહેનત સદા કરતા રહ્યા,
પરમાર્થ સદા એવા કર્યા, સૌના હૃદયમાં વસી ગયા,
સન્માન તમને એવા મળ્યા, જુદાઈ અમો સહી ગયા.
પરમકૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

આપના જ...
ગં.સ્વ. ગંગાબેન વલાજી વણઝારા
દશરથભાઈ વલાજી વણઝારા
(પત્રકાર, ગાંધીનગર સમાચાર)
ઈન્દીરાબેન દશરથભાઈ વણઝારા
નિશા, જયદીપ, સાહિલ
તથા સમસ્ત પરિવાર


# ધો. ૧૨ની તમામ ઉત્તરવહીની ફરી ચકાસણી કરવામાં આવશે

## ગુણ સુધારણા કૌભાંડ અંતર્ગત ફરી તપાસ : ઉત્તરવહીનો નાશ નહીં કરાય : પરીક્ષા સમિતીની બેઠકમાં નિર્ણય સીબીઆઈ તપાસ માટેની માગ આખરે ફગાવાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આજરોજ મળેલી પરીક્ષા સમિતીની બેઠકમાં ધો. ૧૨માં આચરવામાં આવેલા ગુણ સુધારણાના કૌભાંડમાં સભ્યોએ સીબીઆઈ તપાસ માંગતા ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. અંતે બેઠકમાં ઉત્તરવહીનો નાશ નહીં કરવાનો અને તમામ વિદ્યાર્થીઓના ગુણની પુનઃ ચકાસણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૨માં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાની ઉત્તરવહી ચકાસવાની કામગીરી કરતી નીલ્પ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ નામની એજન્સી સામે કેટલાક વિદ્યાર્થીઓની ઉત્તરવહીમાં નાણા લઈ ગુણ સુધારણા કૌભાંડ આચાર્યું હોવાની ફરિયાદ થઈ છે. તપાસ દરમિયાન એજન્સીના ડીરેક્ટર પ્રવિણ શાહે કૌભાંડનો સ્વીકાર પણ કર્યો છે.

આ કૌભાંડને લઈને ભારે હોબાળો મચી ગયો છે ત્યારે સીઆઈડી ક્રાઈમ ધીમી ગતિએ તપાસ કરી રહી છે. આ અંગે આજરોજ મળેલી બોર્ડની પરીક્ષા સમિતિની બેઠકમાં કેટલાક સભ્યોએ સીબીઆઈ તપાસની માંગણી કરી હતી. પરંતુ બોર્ડના ચેરમેને સીઆઈડી તપાસ ચાલતી હોઈ અસ્વીકાર કર્યો હતો. અંતે બેઠકમાં કૌભાંડને ધ્યાનમાં રાખી ઉત્તરવહીનો નાશ નહીં કરવાનો અને પરીક્ષા સમિતિના સભ્યોની નજર હેઠળ તમામ વિદ્યાર્થીઓના સુધારેલા ગુણની સાથે ઉત્તરવહીઓની ચકાસણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કૌભાંડથી હોંશિયાર અને મહેનતુ વિદ્યાર્થીઓને નુકસાન ગયું છે જો કે હવે તમામ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાથી સમગ્ર કૌભાંડની તપાસનો કોઈ અર્થ રહેતો નથી. બોર્ડ અને સરકારની વલણથી વિદ્યાર્થી-વાલીઓમાં ભારે રોષની લાગણી ફેલાઈ ગઈ છે.

# ગુજરાતમાં ગાંડા બાવળનું પ્રભુત્વ બીજા ક્રમે લીમડાના સૌથી વધુ વૃક્ષ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં ગાંડા બાવળે ભરડો લીધો છે. સૌથી વધુ ગાંડા બાવળના વૃક્ષો ચોતરફ જોવા મળે છે. આ વૃક્ષોને કાપવા માટે સરકારે વિવિધ યોજનાઓ બનાવી છે પરંતુ તેનો કોઈ અર્થ સર્યો નથી. ગાંડો બાવળ એ અંગ્રેજોએ આપેલી પેદાશ છે. જો કે બીજો ક્રમ લીમડાનો આવે છે.

**ઝોન પ્રમાણે વૃક્ષોની સંખ્યા**

| | |
|---|---|
| ઉત્તર ગુજરાત | ૫૩૪૧૯૨૦૦ |
| મધ્ય ગુજરાત | ૭૫૫૬૫૪૦૦ |
| દક્ષિણ ગુજરાત | ૫૪૩૨૪૩૦૦ |
| સૌરાષ્ટ્ર-કચ્છ | ૮૫૩૮૧૧૦૦ |
| કુલ વૃક્ષ | ૨૬૮૬૯૦૧૦૦ |



સરકારે સામાજીક વનીકરણમાં એટલું ઉત્તમ કામ કર્યું છે કે જેના પરિણામ આજે જોવા મળ્યાં છે. આ કામગીરીમાં રાજયભરમાં આણંદ જિલ્લો પ્રથમક્રમે આવ્યો છે. આ જિલ્લાની ખાસિયત એવી છે કે જેટલા વૃક્ષો કપાય છે તેટલા વૃક્ષો ઉમેરાતા જાય છે. વૃક્ષ છેદનમાંથી આ જિલ્લો પ્રતિ વર્ષ હેન્ડસમ એમાઉન્ટ કમાઈ રહ્યો છે.

**વૃક્ષોની ટકાવારી વધી તેવા ટોપ ફાઇવ જિલ્લા**

| | |
|---|---|
| ભાવનગર : | ૫૮.૬૩ |
| પાટણ : | ૨૮.૦૪ |
| વડોદરા : | ૧૪.૨૯ |
| આણંદ : | ૧૧.૧૪ |
| વલસાડ : | ૧૦.૧૮ |

વન વિભાગના આંકડા પ્રમાણે સમગ્ર રાજયમાં છ વર્ષમાં બે કરોડ જેટલા વૃક્ષો વધ્યાં છે. જંગલોને બાદ કરતાં અન્ય વિસ્તારોમાં ગણતરી કરવામાં આવી તો તેમાં ગાંડા બાવળની સંખ્યા ૩.૯૩ કરોડ અને લીમડાની સંખ્યા

● અનુસંધાન પાન-૭ પર

**આણંદમાં સૌથી વધુ વૃક્ષ,પ્રતિ હેક્ટરે ૬૮ થયાં,વૃક્ષછેદનની આવક પણ વધીને ૧૪૦ કરોડે પહોંચી:ગાંધીનગરમાં પ્રતિ હેક્ટર માત્ર ૪૫ વૃક્ષ**


## જોઈએ છે

ગાંધીનગર કેળવણી મંડળ, કોબા સંચાલિત મધુરી મનસુખલાલ વસા પ્રાથમિક શાળા / હાઈસ્કૂલમાં

૧) પ્રાથમિક વિભાગમાં અંગ્રેજી ભણાવી શકે તેવા B.A. B.Ed. (English)

સ્વહસ્તાક્ષર અરજી સાથે રૂબરૂ મળો.
તા. ૩/૮/૨૦૧૨ને શુક્રવારના રોજ સવારે ૧૧-૩૦ કલાકે
: સ્થળ :
મધુરી મનસુખલાલ વસા પ્રા.શાળા/હાઈસ્કૂલ
મુ.પો. કોબા, પ્રેક્ષા વિશ્વભારતી સામે, તા. જી. ગાંધીનગર

## માર્કેટીંગ એક્ઝીક્યુટીવ

ગાંધીનગર સ્થિત સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝના "માર્કેટ ઓર્ગેનાઈઝર"ને માર્કેટીંગ એક્ઝીક્યુટીવની જગ્યા માટે ૩ થી ૫ વર્ષના સિમેન્ટ / બિલ્ડીંગ મટીરીયલ્સના અનુભવી વ્યક્તિની તાત્કાલિક જરૂર છે.
સંપર્ક : ૯૪૨૬૦ ૮૭૫૪૪, ૯૮૨૫૨ ૬૭૦૬૧

## ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ માપના સ્ટોરીજના ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
SANGHI CEMENT, Kisan, BENELAVE, H.FIXIT, TMT BARS - ISI, TATA STEEL • PIPES • SHEETS, SANGHI STEEL - ISI, ashirvad C. PVC, UPVC
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com